आज़ादी का अमृत महोत्सव

सत्यमेव जयते

ગુજરાત સરકાર

# નાણા મંત્રી
# શ્રી કનુભાઈ દેસાઈનું
# અંદાજપત્ર પ્રવચન

## ૨૦૨૨-૨૦૨૩

(ભાગ-ખ)




## ગુજરાત વિધાનસભા

૩જી માર્ચ, ૨૦૨૨

**માનનીય અધ્યક્ષ મહોદયા,**

**વર્ષ ૨૦૨૨–૨૩ના અંદાજો અનુસાર એકંદર પુરાંત ₹૬૬૮.૦૯ કરોડની રહેશે.**

**અંદાજપત્રના ભાગરૂપે હવે હું, વર્ષ ૨૦૨૨–૨૩ માટેની કરવેરા અંગેની દરખાસ્ત રજૂ કરું છું.**

કોવિડની વૈશ્વિક મહામારીના કારણે છેલ્લા બે વર્ષમાં રાજ્યના લોકોની આર્થિક પ્રવૃત્તિઓ ઉપર વિપરીત અસર પડેલ છે. આ સંજોગોમાં, મંદ પડેલી આર્થિક પ્રવૃત્તિઓને વેગવંતી બનાવવા, અમારી સરકારે કરવેરાની રાહતો તેમજ અન્ન સલામતિના પગલાઓની જાહેરાત કરેલ છે. મુખ્ય જાહેરાતોમાં,

- અમારી સરકારે પેટ્રોલ અને ડીઝલ ઉપરના મૂલ્ય વર્ધિત વેરામાં અનુક્રમે ૬.૪% અને ૫.૩% નો ઘટાડો કરી વેચાણ કિંમતમાં પ્રતિ લીટર ₹૭ ની રાહત આપેલ છે.
- પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજના હેઠળ એલપીજી કનેક્શન તથા સ્વ સહાય જૂથ–સખી મંડળની મહિલાઓને લોન માટેના દસ્તાવેજો ઉપર લાગતી સ્ટેમ્પ ડ્યુટીમાંથી મુક્તિ આપેલ છે.
- કોન્ટ્રાક્ટ કેરેજ બસોને માસિક ધોરણે ભરવાનાં થતાં મોટર વાહન વેરામાંથી મુક્તિ આપેલ છે.
- હોટલ, રેસ્ટોરન્ટસ, વોટરપાર્ક, સિનેમાઘરો–મલ્ટીપ્લેક્ષ અને જીમ્નેશિયમને વર્ષ ૨૦૨૧–૨૨ માટે મિલકત વેરો ભરવામાંથી મુક્તિ આપેલ છે.
- હોટલ, રેસ્ટોરન્ટસ, વોટરપાર્ક, સિનેમાઘરો–મલ્ટીપ્લેક્ષ અને જીમ્નેશિયમને વર્ષ ૨૦૨૧–૨૨ માટે વીજબીલમાં ફિક્સ ચાર્જ ભરવામાંથી મુક્તિ આપવાની બાબત વગેરેનો સમાવેશ આ રાહતોમાં થાય છે.

**ગુજરાતની વિકાસયાત્રામાં સહભાગી ખમીરવંતા ગુજરાતીઓ અનેક પડકારોનો સામનો કરી પ્રગતિપથ ઉપર ઝડપભેર આગળ વધી રહ્યા છે. માન. વડાપ્રધાનશ્રીના આત્મનિર્ભર ભારતની સંકલ્પનાને ચરિતાર્થ કરી આ વિકાસયાત્રા અવિરત રહે તે માટે આ અંદાજપત્રમાં હયાત વેરાના દરોમાં કોઈપણ જાતનો ફેરફાર નહી કરવાની અને નવા કોઈ વેરા નહીં નાખવાની, હું જાહેરાત કરું છું.**

**વ્યવસાય વેરો**

માન. અધ્યક્ષાશ્રી,

આ સન્માનનીય ગૃહને જણાવતા મને હર્ષની લાગણી થાય છે કે, સરકારી અને ખાનગી ક્ષેત્રમાં વેતન મેળવતા નવોદિત મધ્યમ વર્ગને રાહત આપવાનું અમે જાહેર કરીએ છીએ. પ્રોફેશન ટેક્સના કાયદા હેઠળ વ્યવસાયવેરાના હયાત માળખામાં ₹૬,૦૦૦ થી ₹૮,૯૯૯ તથા ₹૯,૦૦૦ થી ₹૧૧,૯૯૯ સુધીનો માસિક વેતન/પગાર મેળવનાર ઉપરનો અનુક્રમે ₹૮૦ તથા ₹૧૫૦ નો માસિક વ્યવસાયવેરો નાબુદ કરી હવે ₹૧૨,૦૦૦ સુધીના માસિક પગાર કે વેતન મેળવનાર પગારદારો અને વેતનદારોને વ્યવસાયવેરો ભરવામાંથી સંપૂર્ણ મુક્તિ આપવાની હું જાહેરાત કરું છુ. આ ઘટાડાથી વ્યવસાયવેરો ભરતા મધ્યમ વર્ગના આશરે ૧૫ લાખ કરદાતાઓને ₹૧૯૮ કરોડની રાહત મળશે. જેના પરિણામે રાજ્યની સંચિતનીધિની આવકમાં અંદાજે ₹૧૦૮ કરોડનો ઘટાડો થશે.

આ સિવાયના વ્યવસાયવેરાના દરોમાં ફેરફારની કોઇ દરખાસ્ત નથી.

**સમાપન**

વર્ષ ૨૦૨૨–૨૩ ના અંદાજપત્રની આખરી પરિસ્થિતિ આ પ્રમાણે રહેશે.

**(રકમ ₹ કરોડમાં)**

| | | | |
|---|---|---|---|
| (૧) | અંદાજ અનુસારની પુરાંત | | (+) ૬૬૮.૦૯ |
| (૨) | કરવેરામાં સૂચિત વધારો | (+) ૦૦.૦૦ | |
| (૩) | કરવેરામાં સૂચિત ઘટાડો | (–) ૧૦૮.૦૦ | |
| (૪) | એકંદર અંદાજીત પુરાંત | | (+) ૫૬૦.૦૯ |

**માન. અધ્યક્ષાશ્રી,**

ગુજરાતના વિકાસને વેગ આપનાર આ સંતુલિત અને સર્વસમાવેશક બજેટ આ સભાગૃહ સમક્ષ રજૂ કરવાનો, મેં પ્રયત્ન કરેલ છે. આ બજેટમાં માળખાકીય સગવડો સાથે માનવ વિકાસ સૂચકાંકો તેમજ સામાજિક સુરક્ષા ઉપર ભાર મૂકવામાં આવેલ છે. મહિલાઓ તેમજ બાળકોના આરોગ્ય અને પોષણ ઉપર વધુ ધ્યાન આપી ૨૧ મી સદીના સશક્ત ગુજરાતના નિર્માણની સાતત્યપૂર્ણ પ્રક્રિયાને વધુ મજબૂત કરવાનો એક સંનિષ્ઠ પ્રયાસ કરેલ છે. ખેતી અને ખેડૂત કલ્યાણ સાથે આદિજાતી વિસ્તારો અને સાગરકાંઠા વિસ્તારોના વિકાસ ઉપર ભાર મૂકવામાં આવેલ છે. કૌશલ્ય વિકાસ સાથે રોજગારીની નવી તકોનું સર્જન કરી યુવાધનને રાજ્યની વિકાસયાત્રામાં જોડવાની અમારી નેમ છે. અમે ગુજરાતના દરેક નાગરિકના કલ્યાણ અને આર્થિક વિકાસ માટે કૃતસંકલ્પ છીએ અને આ સભાગૃહ મારફત હું સમૃદ્ધ ગુજરાતના નિર્માણ અને ઉત્તરોત્તર વિકાસનો સંકલ્પ જાહેર કરું છું.

**જય જય ગરવી ગુજરાત,**

**સન્માનનીય સભાગૃહની વિચારણા અર્થે હું આ અંદાજપત્ર રજૂ કરું છું.**

*******



સ્ટેચ્યૂ ઓફ યુનિટી

ડિઝાઈન, પ્રોસેસિંગ અને મુદ્રણ : સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર